# જીવન જીવવા માટે છે, હપ્તા ભરવા માટે નહીં!




**આજે દેખાદેખીનું વલણ એટલી હદે વધી રહ્યું છે કે ન પૂછો વાત! જેના કારણે આર્થિક પરિસ્થિતિ વધુ ખરાબ થઇ જાય અને તેની ખબર પણ પડતી નથી**

આજના આધુનિક યુગમાં માણસની જીવનશૈલી ધરખમ રીતે બદલાઈ ગઈ છે. એક સમય હતો જ્યારે વડીલો કહેતા કે "તેટલી જ સોડ તાણવી જેટલી પછેડી હોય." પરંતુ આજે આ કહેવત જાણે ઈતિહાસના પાનાઓમાં દટાઈ ગઈ છે. વર્તમાન સમયનો મધ્યમવર્ગીય અને ઉચ્ચ-મધ્યમવર્ગીય માનવી એક વિચિત્ર ચક્રવ્યૂહમાં ફસાયેલો છે, જ્યાં તેની આવક કરતા તેના ખર્ચાઓ બમણી ગતિએ વધી રહ્યા છે. પરિણામ? આખું જીવન લોન, હપ્તા (EMI) અને વ્યાજના ભાર નીચે દબાયેલું રહે છે.

આજે દેખાદેખીનું વલણ એટલી હદે વધી રહ્યું છે કે ન પૂછો વાત! જેના કારણે આર્થિક પરિસ્થિતિ વધુ ખરાબ થઇ જાય અને તેની ખબર પણ પડતી નથી.

આ સમસ્યાના મૂળમાં આપણી વધતી જતી મહત્વાકાંક્ષાઓ અને 'સોશિયલ સ્ટેટસ' બતાવવાની ભૂખ છે. પાડોશીએ નવી ગાડી લીધી તો મારે પણ લેવી જોઈએ, મિત્ર વિદેશ પ્રવાસે ગયો તો મારે પણ જવું જોઈએ - આ માનસિકતાએ આપણને બચત કરતા ખર્ચ તરફ વધુ ધકેલ્યા છે.

સોશિયલ મીડિયા પર 'પરફેક્ટ લાઈફ' બતાવવાની લાયમાં લોકો પોતાની આર્થિક ક્ષમતા બહાર જઈને ખર્ચ કરે છે. મોંઘા ફોન, બ્રાન્ડેડ કપડાં અને લક્ઝરી હોટલોમાં જમવું એ હવે જરૂરિયાત નહીં પણ પ્રદર્શનનો વિષય બની ગયો છે. જ્યારે ખિસ્સામાં પૈસા ન હોય ત્યારે વહારે આવે છે - ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોન.

આજે બજારમાં દરેક વસ્તુ હપ્તા પર ઉપલબ્ધ છે. 'બાય નાઉ, પે લેટર' (અત્યારે ખરીદો, પછી ચૂકવો) જેવી સ્કીમોએ માનવીને લાલચમાં નાખ્યો છે. ઘર લેવા માટે હોમ લોન, ગાડી માટે કાર લોન, ભણવા માટે એજ્યુકેશન લોન અને હવે તો ફરવા જવા માટે પણ 'ટ્રાવેલ લોન' મળે છે.

શરૂઆતમાં આ હપ્તા નાના લાગે છે, પણ ધીમે ધીમે તે આવકનો મોટો હિસ્સો ગળી જાય છે. માણસ સવારે વહેલો ઉઠે છે અને રાત સુધી મહેનત કરે છે, પણ મહિનાના અંતે જ્યારે પગાર આવે છે ત્યારે પગાર સીધો હપ્તામાં ચાલ્યો જાય છે.

જ્યારે ખર્ચ આવક કરતા વધી જાય છે, ત્યારે માત્ર આર્થિક જ નહીં પણ માનસિક પતન પણ શરૂ થાય છે. લોનના હપ્તા ચૂકવવાની ચિંતા માણસની ઊંઘ હરામ કરી દે છે. આ તણાવને કારણે ચિડચિડાપણું વધે છે, જેની સીધી અસર પરિવાર પર પડે છે.

પતિ-પત્ની વચ્ચેના ઝઘડાનું મુખ્ય કારણ ઘણીવાર આર્થિક ખેંચતાણ જ હોય છે.

માણસ મશીન બની જાય છે. તે રજાઓ માણી શકતો નથી કે બીમાર પડવાનું પણ પરવડી શકતું નથી, કારણ કે જો એક મહિનો પગાર અટકે તો આખું આર્થિક માળખું ખોરવાઈ જાય છે.

વ્યાજનું ચક્ર એટલું ક્રૂર છે કે તે મૂળ રકમ કરતા ક્યારેક વ્યાજને વધારે મોટું કરી દે છે.

ભારતીય સંસ્કૃતિ હંમેશા બચત અને સંયમ પર ભાર મૂકતી આવી છે. આપણા દાદા-દાદી ઓછી આવકમાં પણ સુખી હતા કારણ કે તેઓ 'જરૂરિયાત' અને 'ઈચ્છા' વચ્ચેનો તફાવત જાણતા હતા. આજે આપણે ઈચ્છાઓને જ જરૂરિયાત માની બેઠા છીએ. બચત એ ભવિષ્યની કમાણી છે. આ વિષચક્રમાંથી બહાર નીકળવાનો માર્ગ

જો આપણે ખરેખર વ્યાજની ગુલામીમાંથી મુક્ત થવું હોય, તો આપણે કેટલાક કડક નિર્ણયો લેવા પડશે:

બજેટ બનાવવું: મહિનાની શરૂઆતમાં જ નક્કી કરો કે ક્યાં કેટલો ખર્ચ થશે. આવકનો ઓછામાં ઓછો 20% થી 30% ભાગ બચતમાં જવો જોઈએ.

જરૂરિયાત મુજબ ખરીદી : કોઈપણ વસ્તુ ખરીદતા પહેલા પોતાની જાતને પૂછો, "શું મને આની ખરેખર જરૂર છે?" જો જવાબ 'ના' હોય તો માત્ર દેખાડો કરવા માટે તે ન ખરીદો.

* ક્રેડિટ કાર્ડનો મર્યાદિત ઉપયોગ: ક્રેડિટ કાર્ડ એ ઉધાર લીધેલા પૈસા છે, તમારી કમાણી નથી. તેનો ઉપયોગ કટોકટીમાં જ કરો.

* ઈમરજન્સી ફંડ: ઓછામાં ઓછા 6 મહિનાના ખર્ચ જેટલી રકમ અલગ રાખો જેથી કોઈ મુશ્કેલી સમયે લોન ન લેવી પડે.

જીવન જીવવા માટે છે, હપ્તા ભરવા માટે નહીં. આર્થિક આઝાદી એ સૌથી મોટી આઝાદી છે. જો આપણે વ્યાજના ગુલામ બનીને રહીશું તો ક્યારેય સાચું સુખ મેળવી શકીશું નહીં. ચાલો, આપણે ફરીથી એ જ સાદગીભર્યા જીવન તરફ વળીએ જ્યાં આપણું નાણું આપણા માટે કામ કરે, આપણે નાણાં માટે કે બેંકના વ્યાજ માટે આખી જિંદગી ઘસાવું ન પડે. યાદ રાખો, મોંઘી ગાડી કે મોટા ઘર કરતા રાત્રે આવતી શાંતિની ઊંઘ વધુ કિંમતી છે.●

# નબળી ઘડીએ એવલિને હેરીને ભયંકર ભેદ કહી દીધો અને....


**ક્રાઈમ કોડ**
**પ્રફુલ શાહ**

એવલિન નેસ્બિટની રંગમંચની કારકિર્દી શરૂ થઇ ત્યારથી જ એના જીવનમાં પ્રેમ અને સંબંધના બીજ રોપાવા માંડ્યાં હતાં. પહેલા નાટક 'વાઈલ્ડ રોઝ'થી એના પર મરી મીટનારા ઘણાં ઊગી નીકળ્યા હતા એ બધો કમાલ એની યુવાની, સુંદરતા અને માદકતાનો હતો. આ એક તરફી પ્રેમીમાં એક હતા. 'મિસ્ટમ મુનરો' (અફકોર્સ, ખોટું નામ જ). આ મહાશયે 'રેડરોઝ'ના 40 શો જોયા એ નિયમિતપણે એવલિનને ગુલાબના પુષ્પગુચ્છ આપે, પત્ર મોકલાવે. મોંઘી ભેંટ આપવાની ઓફર કરે. આટલું જ નહીં, પણ એવલિનને ડેટ પર આવાની વિનંતી કરે, પણ એવલિને સવિનય 'સોરી મિસ્ટર મુનરો' કહીને નનૈયો ભણી દીધો. વર્ણન પરથી લાગે કે 'મિ. મુનરો' કોઇ કોલેજિયન અથવા ધનવાન બાપની બગડેલી ઔલાદ હશે. પરંતુ વાસ્તવિકતા એકદમ અલગ, આશ્ચર્યજનક હતી. હકીકતમાં 'મિસ્ટ મુનરો' એક ખૂબ ધનાઢ્યા વ્યક્તિ હતા, અલબત્ત એકદમ ધૂની અને કંઇક અંશે તરંગી. એ પિટ્સબર્ગવાસી મની બેગનું નામ હતું હેરી કે થો.

અને હેરીની એવલિન નેસ્બિટમાં વધુ પડતી દિલચશ્પીના મૂળમાં હતી સ્ટેનફોર્ડ વ્હાઈટ માટેની નફરત! હેરીને શંકા હતી કે ન્યૂયોર્ક શહેરની જે અમુક પ્રખ્યાત ક્લબમાં પોતે જોડાવું હતું, ત્યાં સ્ટેનફોર્ડ અવરોધ ઊભા કરતો હતો. કહેવાય છે કે હેરીને સુંદર યુવતીઓમાં ખૂબ દિલચસ્પી હોવાથી સ્ટનફોર્ડ એને દૂર રાખવા માંગતો હતો.

આ સાથે જ હેરી ગમે તેમ એવલિનને સ્ટેફોનર્ડની ચુંગાલમાં ફસાતી બચાવવા માંગતો હતો.

'મિ.મુનરો' ઉર્ફે હેરી થોએ પ્રયાસ ન મૂક્યા અને અંતે હસીના માન ગઇ. અલબત્ત કોઇને મધ્યસ્થીને પ્રતાપે એવલિન લંચ ડેટ માટે તૈયાર થઇ ગઇ. એવલિન રેસ્ટોરાંમાં નજીક આવી કે તરત હેરીએ ઘૂંટણીએ નમીને એના ડ્રેસની કિનારને ચુંબન સાથે હમણા પણ પ્રેમસભર અવાજે એવલિનને ન્યૂયોર્કની સૌથી ખૂબસૂરત યુવતી જાહેર કરી દીધી.



પછી તો હેરી સતત એવલિનની સાથે અને આસપાસ રહેવા લાગ્યો. સમય આવ્યો, લાગ જોઈને તેણે એવલિનને પોતાની સાચી ઓળખ આપીને રીતસર પાડી દીધી. એવલિનની આંખ પહોળી થઇ ગઇ. અરે આ તો પિટ્સબર્ગનો સૌથી ધનવાન ધ હેરી કેન્ડલ થો છે!

ઘણીવાર સંજોગો પણ જીવનનો પથ નક્કી કરતા હોય છે. 1903ના એપ્રિલમાં બોર્ડિંગ સ્કૂલની ટર્મ પૂરી થવામાં હતી, ત્યારે એવલિનને ભયંકર એપેન્ડિસાઈટિસની તકલીફ થઈ. આ માટે જીવન- રક્ષક સર્જરી હતી. આવી જાણ થતા જ હેરી તાત્કાલિક એને હોસ્પિટલ લઇ ગયો. એટલું જ નહીં હોસ્પિટલની રૂમમાં સૌ સારાવાના થવાની બાંહેધરી આપવા સાથે એના હાથ પર ચુંબન કર્યું.

એક તરફ શસ્ત્રક્રિયા ચાલતી હતી, ત્યારે બહાર બેઠેલા હેરી થો અને મિસિસ નેસ્બિટ એવલિનના ભવિષ્યની ચર્ચા કરતા હતા. આ તબીબી આફતમાં હેરી થોના સાથ સથવારોએ સંબંધને વધુ ગાઢ બનાવી દીધા. થોડા મહિના બાદ એવલિના, તેની મમ્મી અને હેરી થો યુરોપમાં વેકેશન માટે નીકળી પડ્યા. ભવિષ્યમાં આ ટ્રીપને એવલિન પોતાના જીવનની સૌથી મોટી ભૂલ ગણાવવાની સંબંધને કોઈ નામ આપવા છતાં હેરી અને એવલિનમાં નિકટતા અને પરસ્પર વિશ્વાસ વધી રહ્યા હતા. એટલે જ પેરિસની હોટેલમાં હેરી થોના આગ્રહને પગલે એવલિને જીવનનું સૌથી મોટું રહસ્ય છતુ કરી દીધું. કેવી રીતે શેમ્પેઇનના નશામાં સ્ટેનફોર્ડે પોતાનું કૌમાર્યભંગ કર્યું હતું આ સાંભળીને

**'મિ.મુનરો' ઉર્ફે હેરી થોએ પ્રયાસ ન મૂક્યા અને અંતે હસીના માન ગઇ. અલબત્ત કોઇને મધ્યસ્થીને પ્રતાપે એવલિન લંચ ડેટ માટે તૈયાર થઇ ગઇ**

હેરી થો ધ્રુજી ઉઠ્યો. ચહેરો લાલચોળ થઇ ગયો. થોડીવારમાં જાણે એ એકદમ થીજી ગયો. વારંવાર એવલિન માટે એના મોઢામાંથી એક જ શબ્દ નીકળતો હતો. બિચારી છોકરી, બિચારી છોકરી. એવલિન નેસ્બિટે તો વાત કરી દીધી અને એ ભૂલી ગઇ, પણ હેરી થોના મન-મગજમાં એ ઘટનાનું વર્ણન વરસોના વરસ ગુંજતું રહેવાનું હતું. એનું પરિણામ કેવું ખતરનાક આવવાનું હતું એ આગળ સ્પષ્ટ થઇ ગયું. પહેલું એવલિન નેસ્બિટ, હેરી કે થો અને સ્ટેનફોર્ડના લવ (કે લસ્ટ) ટ્રાયેન્ગલમાં આગળ થયું શું અને એ રક્તરંજીત જીવલેણ મુકામે પહોંચ્યો કેવી રીતે? (ક્રમશઃ)

## રાજ્યપાલ આર.એન. રવિની બદલી: તમિલનાડુ માટે 'હરખ', બંગાળ માટે 'ફાળ'

**ઈધર-ઉધરકી**
**આરતી જેરથ**

તમિલનાડુનો ફાયદો કદાચ પશ્ચિમ બંગાળ માટે પીડા સાબિત થઈ શકે છે. વિવાદાસ્પદ રાજ્યપાલ આર.એન. રવિની ચેન્નાઈથી કોલકાતા બદલીએ બંને રાજ્યોમાં એકબીજાથી તદ્દન વિપરીત પ્રતિક્રિયાઓ જન્માવી છે. તમિલનાડુમાં ખુશી મનાવવામાં આવી રહી છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ચેન્નાઈમાં સત્તારૂઢ ડીએમકે (ડીએમકે) સરકાર માટે રવિ અનેક મુદ્દાઓ પર વારંવારના સંઘર્ષને કારણે સમસ્યા સમાન બની ગયા હતા. તેથી જ્યારે તેમની બદલીની જાહેરાત કરવામાં આવી ત્યારે ડીએમકેના નેતાઓ સુખદ આશ્ચર્યમાં મૂકાઇ ગયા હતા. રાજ્યના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને કટાક્ષમાં કહ્યું કે, તેઓ ખરેખર ઈચ્છતા હતા કે રવિ પદ પર જળવાઈ રહે, કારણ કે તેમના 'લોકવિરોધી કાર્યો' આગામી વિધાનસભા ચૂંટણીમાં ડીએમકેને મદદરૂપ થઈ રહ્યા હતા. તમિલનાડુના મંત્રી ટી.આર.બી. રાજાએ ટ્વીટ કર્યું કે, 'રવિ, અમે તમને મિસ કરીશું!', જ્યારે ડીએમકેના સાંસદ પી. વિલ્સને ટ્વીટ કર્યું કે ડીએમકે રવિના રૂપમાં એક 'સ્ટાર પ્રચારક' ગુમાવી રહી છે. બીજી તરફ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી આ ફેરફાર પર પોતાની ચિંતા છુપાવી શક્યા ન હતા. તેમણે કહ્યું કે તેઓ સી.વી. આનંદ બોઝના રાજ્યપાલ પદ પરથી રાજીનામાના અચાનક સમાચારથી 'આઘાત અને ઊંડી ચિંતા'માં છે. તેમની આ પ્રતિક્રિયા બોઝ પ્રત્યેના તેમના અગાઉના વિરોધ કરતા તદ્દન વિપરીત હતી, જેમની સાથે પણ તેમને અનેક સંઘર્ષો થયા હતા. જોકે, રવિ અને ડીએમકે સરકાર વચ્ચે જે પ્રકારનો મુકાબલો રહ્યો છે, તેની સરખામણીમાં આ સંઘર્ષો કંઈ જ નથી. રવિએ માત્ર તમિલનાડુ વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા અનેક બિલોને મંજૂરી આપવાનો ઇનકાર જ ન હતો કર્યો, પરંતુ તેઓ ઇતિહાસના એકમાત્ર એવા રાજ્યપાલ હોવાનું કલંકિત ગૌરવ પણ ધરાવે છે જેમણે પ્રજાસત્તાક દિન અને સ્વતંત્રતા દિનના ભાષણોમાં ચાલુ સરકારની ટીકા કરી હોય. રવિની કામ કરવાની ટકરાવ વાળી શૈલીથી ડરીને બેનર્જીએ કહ્યું કે તેમને કોલકાતા ખસેડવાના નિર્ણયમાં 'કંઈક રમત' હોવાની શંકા છે. ટીએમસી (ટીએમસી) વર્તુળોમાં અટકળો ચાલી રહી છે કે વિધાનસભાની ચૂંટણીઓ મોકૂફ રાખવામાં આવી શકે છે અને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવી શકે છે કારણ કે એસઆઈઆર કવાયત પૂર્ણ થઈ નથી. હકીકતમાં, બોઝ પોતે પણ તેમની આ રીતે હકાલપટ્ટીથી પરેશાન દેખાતા હતા. દેખીતી રીતે, તેઓ રાજીનામું સુપરત કર્યા પછી રાજ્યપાલ નિવાસસ્થાન છોડીને નીકળી ગયા હતા અને સામાન બાંધવાનું કામ તેમનાં પત્ની પર છોડી દીધું હતું.



## ક્લાયમેટ ચેન્જનો કહેર: દિલ્હીનો 'ટ્યૂલિપ ઉત્સવ' ગરમીમાં કરમાયો

દિલ્હીનો પ્રખ્યાત ટ્યૂલિપ ફેસ્ટિવલ આ વર્ષે ક્લાયમેટ ન્જ (હવામાન પરિવર્તન)નો ભોગ બન્યો. તેનું ઉદઘાટન 23 ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું અને તે 10 માર્ચ સુધી ચાલવાનું આયોજન હતું. જોકે, એક અઠવાડિયા કરતા પણ ઓછા સમયમાં, કાળઝાળ ગરમીને કારણે ફૂલો કરમાઈ ગયા અને નાશ પામ્યા. છેલ્લા પાંચ વર્ષથી, દિલ્હીના સત્તાવાળાઓ નેધરલેન્ડથી ટ્યૂલિપના બલ્બ (કંદ) આયાત કરી રહ્યા છે અને તેને રાજધાનીના વ્યૂહાત્મક સર્કલો પર તથા ડિપ્લોમેટિક વિસ્તારમાંથી પસાર થતા શાંતિપથની બંને બાજુએ રોપી રહ્યા છે. આ વર્ષે પણ અંદાજે 2 કરોડ



રૂપિયાના ખર્ચે 5 લાખ બલ્બ આયાત કરવામાં આવ્યા હતા. કમનસીબે, ફેબ્રુઆરી મહિનો સામાન્ય કરતા ઘણો ગરમ રહ્યો. હકીકતમાં, દિલ્હીમાં છેલ્લા ત્રણ વર્ષનો સૌથી ગરમ ફેબ્રુઆરી નોંધાયો હતો, અને માર્ચમાં તાપમાન વધુ વધતા મહિનાનો પ્રથમ શનિવાર 50 વર્ષનો સૌથી ગરમ દિવસ સાબિત થયો હતો. ટ્યૂલિપ ઠંડી આબોહવા માટે હોય છે, પરંતુ છેલ્લા થોડા વર્ષોની સફળતાએ દિલ્હી સરકારને મહત્વાકાંક્ષી બનાવી દીધી હતી અને આ વર્ષે, તેણે શક્ય તેટલા વધુ ટ્યૂલિપ્સ રોપવા માટે પૂરેપૂરું જોર લગાવી દીધું હતું. દિલ્હીના રહેવાસીઓ માટે ટ્યૂલિપ ફેસ્ટિવલ એક લોકપ્રિય પ્રસંગ બની ગયો હતો. તેઓ આ નાજુક ફૂલો સાથે સેલ્ફી અને ફોટા લેવા માટે પોતપોતાના શ્રેષ્ઠ પોશાક પહેરીને ત્યાં પહોંચ્યા હતા, પરંતુ તેમને જાણવા મળ્યું કે મોટાભાગના ફૂલો મરી ગયા હતા, અને માત્ર ઉઘાડા દાંડા અને સૂકી માટી જ બચી હતી. રાજધાનીમાં વસંતઋતુના આ મુખ્ય આકર્ષણના પતન માટે માત્ર ક્લાયમેટ ચેન્જ જ એકમાત્ર કારણ ન હતું. દેખીતી રીતે, આ વર્ષે બલ્બ રોપવામાં વિલંબ થયો હતો. પરિણામે, ફૂલો મોડા ખીલ્યા અને ફેબ્રુઆરીની કમોસમી ગરમીની ઝપેટમાં આવી ગયા હતા.

## ભારત-અમેરિકા ડીલના વિરોધમાં પંજાબના ખેડૂતોનું ઈરાનને સમર્થન

પંજાબના ખેડૂતોએ તાજેતરમાં ઈરાન સાથે એકતા દર્શાવવા માટે એક વિશાળ પ્રદર્શન કર્યું હતું. ઈરાની લોકો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવનાર કાશ્મીર પછી તે બીજું રાજ્ય બન્યું છે. એવું જણાય છે કે પંજાબના ખેડૂતો તાજેતરના ભારત-અમેરિકા વેપાર કરારથી નારાજ છે, જેમને લાગે છે કે કૃષિ ક્ષેત્રને અમેરિકા માટે ખુલ્લું મૂકીને આ કરાર તેમને પ્રતિકૂળ અસર કરશે. તેથી તેમની નારાજગી વ્યક્ત કરવા તેમણે ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલાઓના વિરોધમાં ઈરાનને સમર્થન જાહેર કર્યું હતું.



